ઓક્ટોબર-૨૦૨૨

અંક - ૪૯




સંપાદકીય બોર્ડ

- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા


GSECL

GMDC
FUELING THE GROWTH

# અરુણોદય



અનુક્રમણિકા


- આભાર
- સાચો રાષ્ટ્રભકત પીરઅલી
- સત્ય ઘટના
- બીજાને હેરાન કરવાથી મને શું મળે?
- "सम्राट अशोक"
- આજના પરિવર્તનના કળીકાળમા
- Photography
- રખડે એને રામ જડે, અહ! રુદિયામાં રણકે રામસાગર
- શાળાની પ્રવૃત્તિઓ



ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧


## તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન "અરૂણોદય" ઓકટોબર - ૨૦૨૨ ,અંક-૪૯ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી

# આભાર





Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.

હે ઈશ્વર હું સદાય તારી આભારી છું.
તે રચેલી દુનિયામાં મને માનવીનો અવતાર મળ્યો.
તેં જે આપ્યુ એ હું પ્રેમથી સ્વીકારૂ છું કારણકે ,
તારાથી વધુ મારો કોઈ હિતેચ્છુ હોઈ જ ન શકે.
સુખ મળ્યુ એ તારી મહેરબાની ને
દુ:ખ મળ્યુ એમાં પણ તારો સારો ભાવ.
ચલાવે છે દુનિયા તુ કર્મના સિધ્ધાંતો પર
એ સિધ્ધાંતોના ચક્ર માંથી હું ય કંઇ બાકાત નથી ,
તારા સિધ્ધાંતોના ક્રમમાં તેં મને મૂકી
એ યોગ્યતા પણ કંઇ કમ્ નથી.
સુખ મળ્યુ એ મારા કર્મ ને
દુ:ખ મળ્યુ એય પણ મારા પણ
સમયે સમયે તુ મારી સાથે ઉભો છુ ,
એ અહેસાસ પણ કંઇ કમ નથી.
સુખ આપ્યુ તો તારો ઋણી ને ,
દુ:ખમા પ્રાર્થુ બે હાથ જોડી ,
કરજે મ્હેર તારી દુ:ખમાં પણ હસ્તા રહેવાની
કોઈનો સાથ મળે ન મળે તારો સહારો કંઇ કમ નથી.
જીવન સાગરના વમળોમાં તારા સહારા ને ડુબાડવાનો કંઇ દમ નથી.







# સાચો રાષ્ટ્રભક્ત પીરઅલી



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

ભારત દેશ વીરોનો દેશ છે , ક્રાંતિકારીઓનો દેશ છે. કેટલાયે દેશભક્તોએ પોતાના પ્રાણની પરવા કર્યા વગર દેશને સ્વતંત્રતા અપવવામાં તન, મન કે ધનની કુરબાની આપી છે. પોતાના જીવને જોખમમાં મૂકી દેશ સેવા કરનારાઓનો કોઈ તોટો નથી. રાષ્ટ્ર સેવા એજ તેમનો મુખ્ય મંત્ર હતો.

આઝાદી અગાઉ પટનામાં અંગ્રેજ કમિશ્નર ટેલ ખૂબ બહાદુર અફસર હતો. એક વખત એક સાંજે પટનાની સડકો પર તે કમિશ્નર ફરવા નીકળ્યો. દુકાન બહાર કિતાબ ઘરનું બોર્ડ જોઈ તે અંદર પ્રવેશ્યો. અંદર દાઢીવાળા માણસને જોઈ તેનું નામ પૂછયું તો તેને તેનું નામ પીરઅલી હોવાનું જણાવ્યું. અંગ્રેજ કમિશ્નર દુકાનમાં તપાસ કરીતો અંગ્રેજ સરકાર દ્વારા પ્રતિબંધિત પુસ્તકો અને ક્રાંતિ સમર્થક અખબાર દુકાન માંથી  મળી આવ્યા. કમિશ્નરે કડકાઇ થી પીરઅલીને કહયુંકે "પીરઅલી આ કામ માટે તને ફાંસીની સજા થઈ શકે છે. શું તને ખબર નથી ?"


પીરઅલી બોલ્યા, "આપ જે કહો તે પણ લોકોને જાગૃત કરવા તે મારો ધર્મ છે. આ ધર્મ માટે મને ફાંસી પર ચડાવાય તો હું મારી જાતને ધન્ય માનીશ."

પીરઅલીની ધરપકડ કરી કેસ ચલાવાયો અને ફાંસીની સજાનો આદેશ કરાયો.

ખરેખર ક્યા લોગ થે વો હિન્દુસ્તાની  વિરોધીઓ સામે માથું ઝુકાવવાના બદલે ફાંસી પર ચડવાનું પસંદ કરે છે. ખરા રાષ્ટ્રભક્ત તો આવા લોકોને જ કહી શકાય.

સ્વતંત્ર ભારતના આપણે નાગરિક છીએ ત્યારે આપણી પણ નૈતિક ફરજ છે કે અપણા રાષ્ટ્રને આપણે સમર્પિત થઈએ . ગદ્દારી ન કરતાં દેશ પ્રત્યે વફાદાર રહીએ. દેશને હાનિ પહોંચાડતા તત્વો નો હિંમત પૂર્વક વિરોધ કરીએ. આ આપણી ખરી  રાષ્ટ્રભક્તિ છે. રાષ્ટ્ર સલામત તો આપણે સલામત. આપણે ભલે બોર્ડર પર લડવા ન જઈએ પણ બોર્ડર પર સુરક્ષા કરતા સુરક્ષા કર્મીઓને સહકાર આપી વફાદાર રહીએ. દેશના કાયદા કાનૂન નો અમલ કરીએ. સ્વસ્થ રાષ્ટ્ર અને સ્વચ્છ ભારતના નિર્માણમાં નિમિત બનીએ. શત શત નમન આવા વીરોને અને શત શત નમન ભારત માતાને.

---



# સત્ય ઘટના

પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

જગતમાં ઘણી ઘતનાઓ અવાર નવાર ઘટતી હોય છે.   કેટલીક ઘટનાઓ તથ્ય વિહોણી હોય છે તો વળી કેટલીક ઘટનાઓ સત્ય ઘટનાઓ પણ હોય છે. સત્ય ઘટનાઓ ક્યારેક આપણને ઘણું બધું શીખવી જતી હોય છે. આવી જ એક સત્ય ઘટના કએ જે વર્ષો પહેલાં બની હતી તેની વાત કરીએ.

રાજા ભોજ સંસ્કૃતના વિદ્વાન હતાં. તે અન્ય વિદ્વાનોને પણ ખૂબ સન્માન આપતા. તેમના દરબારમાં તેમણે અનેક પંડિતોને સ્થાન આપ્યું હતું. એક વખત રાજાએ દરેક વિદ્વાનોને જીવનની એક સત્ય આદર્શ ઘટના સંભળાવવા જણાવ્યું. દરમ્યાન એક શરીરે કૃશ હોય તેવો વ્યક્તિ ઊભો થયો. તેણે કહ્યું કે, "મહારાજા! હું તમારા દરબારમાં આવવાને લાયક નથી પણ પત્નીએ મને અહીં મોકલ્યો છે. મોકલતી વખતે તેણે ચાર રોટલીઓ બાંધી આપી હતી. ભૂખ લાગી અને ખાવા બેઠો ત્યાં એક ભૂખી કૂતરી આવી તેને મેં બે રોટલી આપી દીધી બે રોટલી ખાધા પછી તે પૂછડી પટપટાવતી પાછી મારી પાસે આવી ફરી જે બે છેલ્લી બે રોટલી હતી તે પણ મેં તેને આપી દીધી. હું ફક્ત પાણી પીને અહીં આવ્યો છું. આ છે એક સત્ય આદર્શ ઘટના. બીજાને ખવડાવીને મને તૃપ્તિનો અનુભવ થયો છે."

રાજા ભોજ આ સાંભળી ખુબ ખુશ થયા. રાજાએ દરબારમાં તેમની જય બોલાવી .મોટી બક્ષિસ આપી તેનું સન્માન કર્યું.

કહેવાયું છે કે ભૂખ્યાને અન્નદાન સૌથી મોટો યજ્ઞ છે. જે માનવી પોતે ભૂખ્યો રહી બીજા જીવને તૃપ્ત કરે છે.તેને હજાર અશ્વમેધ જેટલું ફળ મળે છે. ખરા અર્થમાં ભૂખ્યાની આંતરડી ઠારીએ તો ઈશ્વર પણ રાજી થાય જ.

વીરપુરના ભક્ત જલારામ પણ કહેતાં કે : દે ને કો ટુકડા ભલા, લેને કો હરિનામ.



# બીજાને હેરાન કરવાથી મને શું મળે?



વી.જી.રાઠોડ
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

એક સુથાર પોતાના વર્કશોપ માં કામ કરી રહ્યો હતો.અચાનક અનરાધાર વરસાદ શરૂ થયો.સુથાર પોતાનો વર્કશોપ બંધ કરીને ઉતાવળા પગલે ઘર તરફ ચાલ્યો.ઉતાવળમાં કામ કરવાના કેટલાક સાધનો વર્કશોપમાં જમીન પર જ પડ્યા રહ્યા.

ખૂબ વરસાદ પડવાને કારણે એક સાપ જમીનમાંથી બહાર આવ્યો.એ ખૂબ જ ભૂખ્યો હતો.ખોરાકની શોધમાં આમ તેમ ભટકી રહ્યો હતો.આ સાપ રાત્રીના સમયે પેલા સુથારના વર્કશોપ માં દાખલ થયો અને કંઈક ખોરાક મળશે તે આશામાં આંટા મારવા લાગ્યો.જમીન પર કુહાડો પડેલો હતો.સાપ આ કુહાડા પરથી પસાર થયો અને કુહાડાની તીક્ષણ ધારને કારણે એના શરીર પર એક કાપો પડ્યો.

સાપને થોડી પીડા થઈ અને શરીરમાંથી લોહી પણ નીકળવા માંડ્યું.એમણે બદલો લેવાનું નક્કી કર્યું.કુહાડાને પોતાના શરીરથી ભરડો લીધો અને કુહાડાની ધાર પર જ પ્રહાર કર્યો.આમ કરવાથી વધુ પ્રમાણમાં લોહી નીકળ્યું.કુહાડો લોહીથી લાલ થવા લાગ્યો.સાપને એવું લાગ્યું કે મારા પ્રહારોના કારણે કુહાડાને પણ લોહી નીકળી રહ્યું છે.સવારે આવીને સુથારે વર્કશોપ ખોલ્યો તો મરેલો સાપ જોયો જે કુહાડાને વીંટળાયેલો હતો.

આપણી દશા પણ આ સાપ જેવી જ છે.બીજાને નુકસાન પહોંચાડવાના પ્રયાસમાં આપણી જાતને જ નુકસાન પહોંચાડીએ છીએ અને આપણને ખબર પણ નથી પડતી કે આપણે બીજાને નહીં આપણને પોતાને જ નુકસાન પહોંચાડીએ છીએ.



# "सम्राट अशोक" की "जन्म- जयंती" हमारे देश में "नहीं मनाई जाती" ??



એમ.એ.ગોસ્વામી
માધ્યમિક શિક્ષક

बहुत सोचने पर भी, "उत्तर" नहीं मिलता! आप भी, इन "प्रश्नों" पर, "विचार" करें!
जिस -"सम्राट" के नाम के साथ, -"संसार" भर के, "इतिहासकार"- “महान” शब्द लगाते हैं
जिस -"सम्राट" का राज चिन्ह "अशोक चक्र"-" भारतीय", "अपने ध्वज" में लगाते है।
जिस -"सम्राट" का -"राज चिन्ह", "चारमुखी शेर" को, "भारतीय",- "राष्ट्रीय प्रतीक" मानकर,:- " सरकार" चलाते हैं। और "सत्यमेव जयते" को "अपनाया" है।
जिस देश में - "सेना का सबसे बड़ा युद्ध सम्मान", "सम्राट अशोक" के "नाम" पर, "अशोक चक्र" दिया जाता है।
जिस -"सम्राट" से -"पहले या बाद" में :- "कभी कोई ऐसा राजा या सम्राट नहीं हुआ"...। जिसने : -"अखंड भारत" (आज का नेपाल, बांग्लादेश, पूरा भारत, पाकिस्तान, और अफगानिस्तान) जितने, "बड़े भूभाग" पर:-"एक-छत्र राज" किया हो।
सम्राट अशोक" के ही, समय में :- "२३ विश्वविद्यालयों" की "स्थापना" की गई। जिसमें :- तक्षशिला, नालन्दा, विक्रमशिला, कंधार, आदि "विश्वविद्यालय", "प्रमुख" थे। इन्हीं "विश्वविद्यालयों" में "विदेश" से "छात्र", "उच्च शिक्षा" पाने, :- "भारत आया करते थे"
जिस -"सम्राट" के "शासन काल" को -"विश्व" के "बुद्धिजीवी" और "इतिहासकार", "भारतीय इतिहास" का सबसे -"स्वर्णिम काल" मानते हैं
जिस -"सम्राट" के "शासन काल" में :- "भारत"- "विश्व गुरु" था। "सोने की चिड़िया" था। जनता -"खुशहाल" और "भेदभाव-रहित" थी।
जिस सम्राट के शासन काल में, सबसे "प्रख्यात" "महामार्ग", :- "ग्रेड ट्रंक रोड" जैसे कई -"हाईवे" बने। २,००० किलोमीटर लंबी पूरी "सडक" पर, "दोनों ओर", "पेड़" लगाये गए। "सरायें" बनायीं गईं..। मानव तो मानव..,पशुओं के लिए भी, प्रथम बार "चिकित्सा घर" (हॉस्पिटल) खोले गए । "पशुओं को मारना बंद" करा दिया गया।
ऐसे -"महान सम्राट अशोक", जिनकी -"जयंती" उनके -"अपने देश भारत" में :-"#क्यों नहीं मनायी जाती" ?? न ही, कोई -"छुट्टी" घोषित की गई है?
दुख: है, कि :-जिन नागरिकों को ये -"जयंती", "मनानी" चाहिए..? वो अपना -"इतिहास" ही, "भुला" बैठे हैं। और , जो :- "जानते" हैं ? "वो":- "ना जाने क्यों" ? "मनाना":- "नहीं चाहते"
*पिताजी का नाम - बिन्दुसार गुप्त
*माताजी का नाम - सुभद्राणी
"जो जीता, वही:- "चंद्रगुप्त" ना होकर ...? "जो जीता", वही :-"सिकन्दर" कैसे हो गया
जबकि - "ये बात" सभी जानते हैं, कि:- "सिकन्दर" की सेना ने -"चन्द्रगुप्त मौर्य" के "प्रभाव" को देखते हुए ही, :- "लड़ने से मना कर दिया" था!?? बहुत ही ,"बुरी तरह" से "मनोबल टूट गया था"! और "वापस लौटना" पड़ा था।
कृपया - अपने सभी समुहों में भेजने का कष्ट करें। और हम सब मिल कर, बाक़ी साथियों को भी,"जागरूक" करें!
आइए मिल कर - इस "ऐतिहासिक भूल" को, "सही करने" का,:-
"हर संभव प्रयास" करें .

# આજના પરિવર્તનના કળીકાળમા આપણા સૌના જીવનમાં શુ શુ ઘટયું.....



અનિલ પંડયા
સી.આસી.
અમદાવાદ

| | | |
|---|---|---|
| ૧. સૌ પ્રથમ કુટુંબ ટુંકુ થયુ | ૨. વ્યવહાર ટુંકા થયા | ૩. સંબંધો ટુંકા થયા |
| ૪. વય ટુંકી થઇ | ૫. ઉંઘ ટુંકી થઇ | ૬. મન ટુંકા થયા |
| ૭. મહેનત ટુંકી થઇ | ૮. વાળ ટુંકા થયા | ૯. કપડા ટુંકા થયા |
| ૧૦. મર્યાદા ટુંકી થઇ | ૧૧. બાળકોની સંખ્યા ટુંકી થઇ. | ૧૨. ઘરે જમવાનું ઘટ્યુ |
| ૧૩. સાચા ઘરેણા ઘટ્યા | ૧૪. વાંચન ઘટ્યુ | ૧૫. ગણતર ઘટ્યુ |
| ૧૬. ધર્મ ધ્યાન ઘટ્યાં | ૧૭. પગે ચાલવાનું ઘટ્યુ | ૧૮. લાજ તો ટુંકી નહીં,પણ સાવ ગઇ. |
| ૧૯. ખોરાક ઘટ્યા | ૨૦. ઘી માખણનો વપરાશ ઘટ્યો | ૨૧. રસોડામાંથી તાંબુ, પિત્તળ, કાંસું ગયુ |
| ૨૨. માટલા / ગોરા ઘટ્યા | ૨૩. નાટક ઘટ્યા | ૨૪. દયા ઘટી, |
| ૨૫ ઘરની રસોઈ ઘટી | ૨૬. સુખ, ચેન ઘટ્યા | ૨૭. ઘંટી તો સાવ ગઇ |
| ૨૮. ધાર્મિક પ્રવાસ ઘટ્યા | ૨૯. ન્યાય ઘટ્યો | ૩૦. પ્રેમભાવ ઘટ્યો |
| ૩૨. મહેમાન ઘટ્યા | ૩૩. વ્યવહાર ઘટયા | ૩૪. લાગણીઓ ઘટી |
| ૩૫. બચતો ઘટી | ૩૬. સંસ્કૃતિ ઘટી | ૩૭. સતસંગ ઘટ્યા |
| ૩૮. સત્ય ઘટ્યુ | ૩૯. સભ્યતા ઘટી | ૪૦. પરિવાર ઘટ્યા |
| ૪૧. ભાઈ પરિવારના મન મેળાપ ઘટ્યા | ૪૨. સમર્પણની ભાવના ઘટી | |

જે કોઈ પરિવારમા હજુ સુધી આ અસર નથી આવી, તે પરિવારને સત્ સત્ વંદન

# આજના પરિવર્તનના યુગમાં શું શું વધ્યું.....

(૧) પુરુષો ને સાસરિયા પ્રત્યે પ્રેમ,આદર વધ્યો. .
(૨) બહેન કરતાં સાળી વધારે સચવાય.
(3) ભાઈ કરતાં સાળો વધારે સચવાય.
(૪) પિતા કરતાં સસરા, વધારે સચવાય.
(૫) મા કરતાં સાસુ વધારે સચવાય.
(૬) મોંઘવારી વધી.
(૭) મોજશોખ વધ્યા
(૮) સુંદર દેખાવા બ્યુટીપાર્લર ના ખર્ચા વધ્યા.
(૯) કપડાં માં મેચિંગ વધ્યા.
(૧૦) બ્રાન્ડેડ વસ્ત્રો ના ક્રેઝ વધ્યા.
(૧૧) જન્મદિવસની ઉજવણીઓ વધી.
(૧૨) દેખાદેખી થી ચડિયાતા થવાના ક્રેઝ વધ્યા.
(૧૩) શિક્ષણ માટે ના ખર્ચા વધ્યા.
(૧૪) હુંશા તુંશી વધી.
(૧૫) આજની નવી(પેઢીને) જનરેશન ને મા-બાપ પ્રત્યે અવગણના વધી.
(૧૬) ભાઈઓ ભાઈઓ માં મારુ તારુ ના ભેદ વધ્યા.
(૧૭) છુટાછેડાના કેશ વધ્યા.
(૧૮) દેરાણી-જેઠાણી માં કડવાસ વધી.
(૧૯) બાપની મિલકત માટે ભાઈ-ભાઈ-બહેન વચ્ચે વેરઝેર વધ્યા .
(૨૦) જૂઠ વધ્યુ.
(૨૧) વૃધ્ધાશ્રમો વધ્યા.
(૨૨) કોઈને નીચા દેખાવાના ક્રેઝ વધ્યા.
(૨૩) વડિલોની સાથે અશોભનીય વર્તન વધ્યા.
(૨૪) પદ પ્રાપ્તિ માટે કાવાદાવા વધ્યા
(૨૫) હોટલો નું ખાવાના ક્રેઝ વધ્યા.
(૨૬) પોતાની મોટાઈ બતાવવાનું વધ્યું.
(૨૭) દેખાદેખી કરવામાં દેવું વધ્યું...

આજ ની નરી વાસ્તવિકતા



# Photography





*Bina D. Bhatt*
*Sec. School Teacher*







I started my journey in Arunoday magazine long back. I feel honoured to be a part of it.I had given an article under the heading of photography. Many people liked it.I want to continue under the same heading with the thought similar to as we all have heard of web series. In this series I am going to showcast the photographs taken by my students ,friends , colleagues and by family members and relatives. I invite you all in this so called Series. This is novel thought that came to my mind yesterday when I was thinking what to give for Arunoday. I am sure this series will bring back all of us together. Hope u all will like this idea. I need our assistance to continue for Arunoday. Since this idea is a novel idea I will like to take its credit. I hope u all will not mind. Looking forward for ur positive response.









# રખડે એને રામ જડે, અહ!
# રુદિયામાં રણકે રામસાગર


**હરિસિંહ સોઢા**
સેકસન ઓફિસર
સચિવાલય-ગાંધીનગર
(ભૂતપૂર્વ વિદ્યાર્થી)









ગામની પંચાત ગામમાં મેલી,ઝટપટ મેલ તું મનનું પાદર
ઓગળે તાપ ધૂળિયે મારગ,રિમઝિમ વરસે પ્રેમનું બાદર
રખડે એને રામ જડે...
નસેનસમાં નદીઓ ઊભરાય,હૈયે ધુઘવતાં અનંત સાગર
પંખી-પાંખે પ્હાડ ઉડતાં, ટહુકો ઝીલે પનિહારીની ગાગર
રખડે એને રામ જડે...
ફુલડે-ફુલડે સ્મિત વેરાયું,પાનની આંખમાં પાનના આદર
કાખમાં છોરું તેડી વનલતા,હરખે સીવતી ક્ષણની ઝાલર
રખડે એને રામ જડે...
વાંસના ટોળાં હડિયાપટ્ટી કરે,ઝરણું સૂણતું પર્ણ-મર્મર
હરણું થઈને હવા કુદતી,કહેતી- 'આગળ ધપો બિરાદર'
રખડે એને રામ જડે...
ધરતીનું લીલુંછમ પાથરણું, ઓઢી લ્યો આસમાની ચાદર
બગાસું ખાતા પતાસું જડે,એકલા ચાલો તો મૌજ-સાગર
રખડે એને રામ જડે..
હો સંગ નદી,યા હો પર્વત,ધૂળિયો મારગ ગિરધર-નાગર
રખડે એને રામ જડે, અહા! રુદિયામાં રણકે રામસાગર
રખડે એને રામ જડે...

# શાળાની પ્રવૃત્તિઓ

## યુવા વિધાનસભામાં આપણી શાળાની ત્રણ વિદ્યાર્થીનીઓને સ્થાન મળ્યું









કચ્છ ભાસ્કર 19-07-2022
વિદ્યાર્થીઓ બનશે એક દિવસના ધારાસભ્ય
21મીએ યુવા વિધાનસભાના 182માંથી 12 કચ્છના MLA
લખપત તાલુકાની 3 છાત્રાઓને મળ્યું સ્થાન



# આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત વૃક્ષારોપણ





# સી.એસ.આર. ના સી.ઈ.ઈ.ઓની શાળા મુલાકાત







# તિરંગા યાત્રા

















# સ્વાતંત્રદિનની ઉજવણી















# બી.એસ.એફ. દવારા શાળામાં શિક્ષકદિનની ઉજવણી




































## તાલુકા કક્ષાના કલા મહાકુંભની ઉજવણી













# શિક્ષકદિનની ઉજવણી



# નવરાત્રી મહોત્સવ